તાલુકા પંચાયત પ્રમુખ મહિલા પણ વહીવટ પતિ કરતો હોવાના આક્ષેપો

નેત્રંગ તા.પંચાયત કચેરીનો સૂત્રોચ્ચાર સાથે ઘેરાવ કરાતાં કોંગ્રેસના કાર્યકરોની અટકાયત

રાજ્ય સરકારની ગ્રાન્ટ ચારથી પાંચ ગ્રા.પંચાયતોમાં ફાળવી ગ્રાન્ટનો દુરઉપયોગ

ભરૂચ,તા.૮

નેત્રંગ તાલુકા પંચાયત પ્રમુખ તરીકે મહિલા ભાજપના બેનળ હેઠળ ચૂંટાઈ આવ્યા છે, પણ આખા તાલુકા પંચાયતનો વહીવટ તેમનો પતિ કરી રહ્યો હોવાના આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે.

ભાજપ શાસિત નેત્રંગ તા.પંચાયત કચેરીનો ઘેરાવ અને તાળાબંધી કરવાના આશયથી કોંગ્રેસ અગ્રણી સંદિપસિંહ માંગરોલા અને શેરખાન પઠાણની આગેવાની હેઠળ કોંગ્રેસી કાર્યકરો ભારે સુત્રોચ્ચારો સાથે નેત્રંગ તા.પંચાયત કચેરીમાં ધસી આવ્યા હતા. કોંગ્રેસી કાર્યકરોને પોલીસે અટકાવતા પોલીસ સાથે ભારે ઘર્ષણ થયું હતું. ટીંગાટોળી કરીને કોંગ્રેસી કાર્યકરોની પોલીસવાનમાં બેસાડી પો.સ્ટેશન લઈ જવાયા હતા. કોંગ્રેસ અગ્રણી સંદિપસિંહ માંગરોલાએ જણાવ્યું હતું કે, નેત્રંગ તા.પંચાયતના સત્તાધીશોએ રાજ્ય સરકારની ગ્રાન્ટ ચારથી પાંચ ગ્રા.પંચાયતોમાં ફાળવી ગ્રાન્ટનો દુરઉપયોગ કર્યો છે. નેત્રંગ તા.પંચાયતના પદાધિકારીઓ સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કર્યો હતા. જ્યારે નેત્રંગ તાલુકા ભાજપ પ્રમુખ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે, રાજય-કેન્દ્ર સરકારની વિવિધ ગ્રાન્ટથી તાલુકાભરના ગામોમાં વિવિધ વિકાસના કામો થઈ રહ્યા છે, કોંગ્રેસનું અસ્તિત્વ ખતમ થઈ ચુક્યું છે માત્ર વિરોધ પ્રદર્શન કરે છે. નેત્રંગ તા.પંચાયત કચેરીના કોંગ્રેસના ઘેરાવના કાર્યક્રમના ઘેરા રાજકીય પ્રત્યાઘાતો પડ્યા હતા. આગામી સમયે તાલુકા પંચાયતના મહિલા પ્રમુખ અને તેના પતિને ખુરશી પરથી દૂર કરી કાર્યવાહી કરવામાં નહિ આવે તો નેત્રંગમાંથી પસાર થતો નેશનલ બંધ કરી હજારો વાહનોને રોકી દેવામાં આવશે તેવી કોંગ્રેસીઓ ચીમકી ઉચ્ચારી છે ત્યારે બીજી તરફ સત્તાપક્ષ આવા આક્ષેપોને માનવા તૈયાર નથી ત્યારે જોવું રહ્યું.

નેત્રંગના ૮ યુવાનોએ પોલીસ ભરતી પાસ કરી, પરંતુ નોકરી મળશે નહિં

ભરૂચ,તા.૮

ભરૂચ જીલ્લાના આદિવાસી વિસ્તારમાં આવેલા નેત્રંગ તાલુકાના કંબોડીયા ગામના ૩, રાજવાડી ગામના ૨, બોરખાડી ગામના ૧ અને મૌઝા ગામના ૨ યુવાનોએ સન ૨૦૨૦-૨૧ માં પડેલ પોલીસ ભરતીમાં ઉમેદવારી નોંધાવી હતી. જેમા પીએસઆઈ-એએસઆઇ અને કોન્સ્ટેબલમાં શારીરિક-લેખિત અને મૌખિક પરીક્ષા પાસ કરી લીધેલ છે. આગામી ૧૨-૧૩ ઓગષ્ટ સુધી ધો.૧૦ થી ગ્રેજ્યુએટ સુધીના અભ્યાસક્રમનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, ખેતીની નકલ સહિતના જરૂરી કાગળપત્રો સબમીટ કરવાના છે. પરંતુ નેત્રંગ તાલુકા તલાટી મંડળ અનિશ્ચિત મુદતની હડતાલ ઉપર હોવાથી પોલીસ ભરતીમાં પાસ થયેલા યુવાનોને કાગળપત્રો મળતા નથી. તલાટી હડતાલ ઉપર હોવાથી કામગીરી કરતાં નથી. તેવા સંજોગોમાં નેત્રંગના ૮ યુવાનોએ પોલીસ ભરતી તો પાસ કરી,પરંતુ નોકરી મળશે નહિં તેવું જણાઇ રહ્યું છે.

કરુણા એમ્બ્યુલન્સની ટીમે રોગને કાબુમાં લેવા પશુને દવા આપી

ભરૂચ નજીક લમ્પી જેવા લક્ષણો ધરાવતા પશુ જોવા મળતાં ભયનુ વાતાવરણ ફેલાયું

ભરૂચ,તા.૮

સમગ્ર દેશમાં પશુઓમાં થતો લમપી વાયરસનો રોગનો હાહાકાર દિવસે ને દિવસે વધી રહ્યો છે. રાજસ્થાન જેવા રાજ્યમાં ૩૦૦૦ થી વધુ દુધાળા પશુઓ મોત સરકારી ચોપડે નોંધાઇ ચુક્યા છે. ગુજરાતમાં પણ સેંકડો પશુઓના મોત અને હજારો પશુઓ લમપી વાયરસની ચપેટમાં આવી ચુક્યા છે. ઝાડેશ્વર ચોકડી પર રખડતા પશુઓમાં એક ગાયમાં પણ એક આવો લમ્પી વાયરસનો કેસ દેખાઇ આવતાં ભારે અચરજ થઈ છે. ભરૂચના યદુવંશી ગૌસેવા સમિતિ સહિતની ટીમોએ ૧૦૬૨ નંબર પર ફોન કરી જાણ કરતા કરુના એમ્બ્યુલન્સ પાયલોટિંગ હિંમતભાઈ અને ડૉ. નિરવ પટેલ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને પશુની યોગ્ય સારવાર કરી હતી. હજી ગાય લમ્પી રોગ અસર ગ્રસ્ત છે કે નહિ તે અંગે યોગ્ય તપાસ ચાલી રહી છે. તેમ છતા તમામ સાવધાની રાખવામાં આવી રહી છે. ત્યારે ભરૂચમાં ફરતી ગાયોની તપાસ આરંભવામાં આવે તો વધુ લમપી વાયરસ ચેપગ્રસ્ત પશુઓ મળી આવે તેમ જાણવા મળ્યું છે. વહેલીટકે તંત્ર અને પશુ પ્રેમીઓ આ બબતર તપાસ આરંભે અને રસી, દવાઓ આપી પશુઓને રોગમુક્ત કરે જેથી અન્ય પશુઓના જીવ બચાવી શકાય.

અનિતા વસાવા મકાનમાં જુગાર રમાડી રહી હોવાની માહિતીના આધારે રેડ

અંકલેશ્વરના આલુંજ ગામે શ્રાવણીયો જુગાર રમતા ૧૧ જુગારીયાઓને ઝડપી પાડતી સ્ટેટ મોનીટરીંગ

અંકલેશ્વર,તા.૮

અંકલેશ્વર તાલુકાના આલુંજ ગામે સ્ટેટ મોનીટરીંગ સેલ ની ટીમે એક મહિલા ના મકાનમાં દરોડા પાડતા શ્રાવણીયો જુગાર રમતા મહિલા સહિત ૧૧ જુગારીયાઓ ને ઝડપી લીધા હતા.અને રોકડ રકમ ,બે બાઈક અને મોબાઈલ મળી રૂપિયા ૧.૫૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.પોલીસ સૂત્રીય માહિતી મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી,તે દરમિયાન અંકલેશ્વરના આલુંજ ગામે રહેતા સુમીબેન ઉર્ફે અનિતા વસાવા પોતાના મકાનમાં જુગાર રમાડી રહી હોવાની મળેલી માહિતીના આધારે રેડ કરી હતી. જેમાં જુગાર રમતા રિયાઝ ઈલ્યાસ માસ્ટર ,અલ્પેશ વસાવા ,શોકત મહંમદ જોગીયાર,સોજેલ ઈલ્યાસ ટોપીયા,ઈદ્રીશ જોગીયાર,વિરલસિંહ ડોડીયા,જાવેદ ઈબ્રાહિમ ટોપીયા,ઈશાક દાઉદ ટોપીયા ,નાનું વસાવા અને રમેશ વસાવા તેમજ સુમી ઉર્ફે અનિતા વસાવા ને ઝડપી પાડયા હતા.સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સ્થળ ઉપરથી રોકડા રૂપિયા ૬૬ હજાર, ૫૫ હજાર ની બે બાઈક,તેમજ ૩૧ હજારના ૮ નંગ મોબાઈલ મળી રૂપિયા ૧.૫૩ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી તેઓ વિરુદ્ધ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. રૂરલ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરીમાં

અંકલેશ્વરની ઠાકોરભાઈ પટેલ કોલેજ દ્વારા તિરંગા રેલી યોજાઈ

અંકલેશ્વર, તા.૮

અંકલેશ્વરની ઠાકોરભાઈ પટેલ આર્ટ્સ અને કોમર્સ કોલેજ દ્વારા હર ઘર તિરંગા અંતર્ગત તિરંગા રેલી યોજાઈ હતી.જેમાં કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.ભારત સરકાર દ્વારા ભારત દેશના આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતાં ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા યાત્રા અંતર્ગત અંકલેશ્વરની ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજ દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ તિરંગા યાત્રા કોલેજ થી નીકળી શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. આ તિરંગા યાત્રા વિદ્યાર્થીઓ દ્વારા ભારત માતાકી જય અને ઘર ઘર તિરંગા જેવા સૂત્રોચ્ચાર થી સમગ્ર વાતારણ ગુંજી ઉઠ્યું હતું.તિરંગા રેલી માં કોલેજની વિદ્યાર્થીની ઓ દ્વારા તૈયાર કરેલ તિરંગાને પ્રસ્તુત કરતી વિવિધ સુંદર કલાકૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે કોલેજ ના આચાર્ય ડો.કે.એસ.ચાવડા,અધ્યાપક ડો.જયશ્રી ચૌધરી,વર્ષાબેન પટેલ,એનએસએસ ના કો-ઓર્ડીનેટર રાજેશ પંડ્યા સહિતના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

દિલ્લી સરકારે ઑટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકમાં ફેરફારના આદેશ આપ્યા

નવીદિલ્હી,તા.૦૮

ટેસ્ટ ચૂકી ગયેલા લોકોની વધતી જતી સંખ્યાને કારણે દિલ્લી સરકારે ઘણા ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકમાં ફેરફાર કરવાનો આદેશ આપ્યો છે. એક અધિકારીએ આ અંગે માહિતી આપી છે. ટ્રાન્સપોર્ટ વિભાગે આ મામલાની તપાસ માટે એક કમિટીની રચના કરી હતી. જેમાં કેટલાક ફેરફારોની ભલામણ કરવામાં આવી હતી. એક અધિકારીએ જણાવ્યુ કે મોટી સંખ્યામાં લોકો જેઓ ડ્રાઈવિંગ સાથે જોડાયેલા ન હતા તેઓ ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પર ટેસ્ટ આપતી વખતે નિષ્ફળ જતા હતા. નવા નિયમોથી લોકોને ડ્રાઈવિંગ ટેસ્ટમાં સરળતા મળશે અને તેમના માટે ટેસ્ટ આપવાનુ સરળ બનશે. જો કે, આ સુધારાઓ કોઈપણ રીતે માર્ગ સલામતી સાથે સમાધાન કરશે નહિ. આખરે શા માટે નિષ્ફળ જાય છે? છેલ્લા સર્કલની પહોળાઈ કે જેના પર ટુ વ્હીલર ચાલકો સર્પાકાર માર્ગ પર જવાના હતા. આ અન્ય બે વર્તુળો કરતા ઘણું ઓછુ હતુ. જેના કારણે લોકોએ પોતાના પગ જમીન પર રાખવા પડ્યા હતા. આવી સ્થિતિમાં તે ડ્રાઈવિંગ ટેસ્ટમાં નાપાસ થતા હતા. ડ્રાઈવિંગ ટેસ્ટમાં ઉમેદવારો નાપાસ થવાને કારણે પેન્ડન્સી પણ વધી રહી હતી.

પોતાની પડતર માંગણીઓને લઈને

તલાટીઓની હડતાળને કારણે ગ્રામજનોના કામો ખોરંભે પડતાં સરપંચોનું આવેદનપત્ર

ભરૂચ,તા.૮

ગુજરાત રાજ્યના તલાટીઓની રાજ્યવ્યાપી હડતાળને કારણે આમોદ તાલુકાના તલાટી કમ મંત્રીઓ પોતાની પડતર માંગણીઓને લઈને બીજી ઓગષ્ટથી અચોક્કસ મુદતની હડતાળ ઉપર ઉતર્યા છે જેથી ગ્રામજનોના કામો ખોરંભે પડતાં ગ્રામજનોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.ત્યારે તલાટીઓની હડતાળને કારણે એક સપ્તાહ જેટલો સમય થઈ ગયો હોવા છતાં હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી જેથી ગ્રામજનોને ઘણાં બધાં કામો માટે મુશ્કેલી ઉભી થઇ છે.તેમજ સરકારી યોજના અને વિકાસના કામો માટે તલાટીની અગત્યની ભૂમિકા હોય અરજદાર તથા લાભાર્થીઓ હાલાકી વેઠવી પડે છે.આ બાબતે દાદાપોરના સરપંચ મહેન્દ્રસિંહ ઠાકોરે જણાવ્યું હતું કે તલાટીઓની હડતાળને કારણે બીજા બધા જિલ્લામાં રેવન્યુ તલાટીને ચાર્જ આપવામાં આવ્યો છે તેમ આમોદમાં પણ જ્યાં સુધી તલાટીઓની હડતાળ ચાલે ત્યાં સુધી ચાર્જ આપવામાં આવે નહીં તો હડતાળનું નિરાકરણ લાવે,વિકાસના કામો થયેલા છે તે ચેકો પણ ક્લિયર થયાં નથી જેથી લોકોને તકલીફ પડે છે.

ટાટા મોટર્સએ ૭૨૬ કરોડમાં ફોર્ડનો સાણંદ પ્લાન્ટ ખરીદ્યો

નવીદિલ્હી,તા.૦૮

ટાટા મોટર્સે ફોર્ડ ઈન્ડિયાના સાણંદ સ્થિત મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટને રુ.૭૨૫.૭ કરોડમાં ખરીદવાની ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. ટાટા મોટર્સે તાજેતરમાં એક નિવેદનમાં જણાવ્યું કે તેની સબ્સિડરી ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી અને ફોર્ડ ઈન્ડિયા પ્રા. લિ. વચ્ચે ગુજરાતના સાણંદમાં સ્થિત આ પ્લાન્ટને ખરીદવા માટે એક યુનિટ ટ્રાન્સફર એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે. જે અંતર્ગત એલિજિબલ કર્મચારીઓને પણ ટ્રાન્સફર કરવામાં આવશે. આ ડીલ અંતર્ગત ભારતીય ઓટો કંપની ટાટા મોટર્સ ફોર્ડ ઈન્ડિયાના એસેટ્સનું અધિગ્રહણ કરશે, જેમાં જમીન અને બિલ્ડિંગ, મશીનરી અને ઈક્વિપમેન્ટ સાથે વ્હીકલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સામેલ છે. ટાટા મોટર્સે પોતાના નિવેદનમાં એ પણ જણાવ્યું કે આ એસેટ ટ્રાન્સફર ડીલમાં ફોર્ડ ઈન્ડિયાના સાણંદ પ્લાન્ટમાં કાર્યરત એલિજિબલ કર્મચારીઓનું ટ્રાન્સફર કરવાનું પણ સામેલ છે.

જુલાઈમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ ઈન્ફલો ૪૩% ઘટીને ૮૮૯૮ કરોડ

અમદાવાદ,તા.૦૮

વ્યાજદરમાં વધારાની સાર્વત્રિક નીતિને કારણે એકતરફી ઘટાડો જોઈ રહેલ ભારતીય શેરબજારમાં જુલાઈ માસમાં વિદેશી રોકાણકારોની વેચવાલી અટકતા અંતે શેરબજારમાં સુધારો જોવા મળ્યો છે પરંતુ માર્કેટના પરોક્ષ રોકાણ માધ્યમ મ્યુચ્યુઅલ ફંડમાં નાના રોકાણકારોનું ધ્યાન વધુ આકર્ષિત થયું નથી.જુલાઈમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં રૂ. ૮૮૯૮ કરોડનું રોકાણ આવ્યું છે, જે અગાઉના મહિનાની સરખામણીમાં ૪૩ ટકાનો તીવ્ર ઘટાડો દર્શાવે છે. જોકે ઈક્વિટી સ્કીમમાં પોઝીટિવ ઈન્ફલોનો આ સતત ૧૭મો મહિનો હતો.એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (છસ્ફૈં) દ્વારા સોમવારે જારી કરાયેલા ડેટા મુજબ જુલાઈનો ઈન્ફલો જૂનમાં જોવા મળે રૂ. ૧૫,૪૯૫ કરોડ, મેના રૂ. ૧૮,૫૨૯ કરોડ અને એપ્રિલના રૂ. ૧૫,૮૯૦ કરોડના ઈન્ફલોની સરખામણીમાં ઓછો હતો.બજારના ઉતાર-ચઢાવ વચ્ચે માર્ચ ૨૦૨૧થી ઈક્વિટી સ્કીમ્સમાં નેટ ઈન્ફલો જોવા મળી રહ્યો છે. આ અગાઉ ઈક્વિટી સ્કીમમાં જુલાઈ ૨૦૨૦થી ફેબ્રુઆરી ૨૦૨૧ સુધીના આઠ મહિનામાં સતત આઉટફ્લો જોવા મળ્યો હતો જેમાં રોકાણકારોએ ૪૬,૭૯૧ કરોડ રૂપિયા પરત ખેંચ્યા હતા.જુલાઈ માસમાં તમામ ઈક્વિટી-આધારિત કેટેગરીઓએ નેટ ઈન્ફલો નોંધાવ્યો હતો, જેમાં સ્મોલ કેપ ફંડ કેટેગરી રૂ. ૧૭૮૦ કરોડના નેટ ઈન્ફલો સાથે ટોચના સ્થાને હતી. ત્યારબાદ બીજા ક્રમે ફ્લેક્સી કેપ ફંડ ફંડમાં રૂ. ૧૩૮૧ કરોડનું નેટ ઈન્ફ્યુઝન જોવા મળ્યું હતું. આ ઉપરાંત લાર્જ કેપ ફંડ, લાર્જ એન્ડ મિડ કેપ ફંડ અને મિડ કેપ ફંડમાં પ્રત્યેક રૂ. ૧૦૦૦ કરોડની આસપાસનો ઈન્ફલો જોવા મળ્યો હતો.ઈક્વિટી ઉપરાંત ડેટ મ્યુચ્યુઅલ ફંડ્સમાં જૂનમાં રૂ. ૯૨,૨૪૭ કરોડના નેટ આઉટફ્લોની સામે ગત મહિને રૂ. ૪૯૩૦ કરોડનો ઈન્ફલો જોવા મળ્યો હતો.

ભારતમાં બેકારીની સમસ્યા વકરશે, 'ઓટોમેશન'થી ૬.૩ કરોડ લોકો રોજગારી ગુમાવશે

નવી દિલ્હી, તા.૮.

ભારત સહિત સમગ્ર દુનિયામાં ડિજિટલ અને ઓટોમેશન ક્રાંતિનો પવન ફૂકાયો છે અને તેના સારા પરિણામોની સાથે સાથે માઠાં પરિણામો ભોગવવાની તૈયારી રાખવી પડશે. ઓટોમેશનની સૌથી ખરાબ અસર રોજગારી ઉપર પડશે અને ઘણા લોકો રોજગારી ગુમાવે તેવી આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ભારતમાં ઓટોમેશનના પગલે લગભગ ૬૯ ટકા નોકરીઓએ પર છટણીની તલવાર લટકી રહી છે, બીજા શબ્દોમાં કહીયે તો ૬૯ ટકા લોકોની નોકરી-રોજગારી જોખમમાં છે. કારણ કે ભારતે આગામી ૨૦ વર્ષમાં ૧૬ કરોડ નવા શ્રમિકો- કર્મચારીઓને શ્રમ બજારમાં સમાવી લેવા માટે સક્ષ્ય થવુ પડશે, મોટા પ્રમાણમાં નોકરીઓનું સર્જન કરવુ પડશે એવુ એક અહેવાલમાં જણાવાયુ છે. આ રિપોર્ટમાં જણાવ્યુ છે કે, વર્ષ ૨૦૪૦ સુધીમાં ઓટોમેશનને કારણે ૬.૩ કરોડ લોકો નોકરીઓ ગુમાવે તેવી આશંકા છે, જેમાં બાંધકામ અને કૃષિ ઉદ્યોગ જેવા ઓટોમેશન પ્રત્યે વધારે સંવેદનશીલ એવા ઉદ્યોગોમાં ૨૪.૭ કરોડથી વધુ નોકરીઓ પર છટણીની તલવાર લટકી રહી છે.

જાહેર નિવિદા નં.૦૨ સને ૨૦૨૨-૨૩

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી મા.અને મ. પેટાવિભાગ, લુણાવાડા (જિ.મહિસાગર) પીન કોડ નં.૩૮૯૨૩૦, ફોન નં. (૦૨૬૭૪) ૨૫૦૦૭૬ ધ્વારા મકાનોના કામો જેની અંદાજીત રકમ રૂ. ૩.૦૦ લાખ સુધીની છે. જે માટે ઈ-૨ વર્ગ અને તેની ઉપરના વર્ગમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી સીલબંધ કવરમાં ભાવો માંગવામાં આવે છે. જેની જરૂરી ટેન્ડર "ફી" ભરેથી કોરા ટેન્ડરો આપવાની છેલ્લી **તા.૧૨/૦૮/૨૦૨૨** સાંજના ૧૬:૦૦ કલાક સુધી છે અને ભરેલા ટેન્ડર સીલબંધ કવરમાં રજી.પો.એડી થી આ કચેરીને પહોચાડવાની છેલ્લી **તા.૧૮/૦૮/૨૦૨૨** સાંજના ૧૬:૦૦ કલાક સુધી પરત કરવાના રહેશે. આ કામની વધુ વિગતો કચેરીના કામકાજના સમય દરમ્યાન (જાહેર રજા સિવાય) સંપર્ક સાધવા વિનંતી છે.

અ.નં.	કામગીરીની વિગત	ટેન્ડર આપવાની છેલ્લી તારીખ	ટેન્ડર પરત લેવાની છેલ્લી તારીખ
૧	યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારશ્રીઓ માટે કામ નં.૧ થી ૬	૧૨/૦૮/૨૦૨૨	૧૮/૦૮/૨૦૨૨

(માહિતી/ગોધરા/૪૦૮/૨૨)

મારૂ જુનુ નામ મકરાણી મોહંમદનુરાનીઅલી વસીમઅલી હતુ બદલીને નવુ નામ મકરાણી મોહંમદનુરાની વસીમઅલી રાખેલ છે.
જેતપુરપાવી, રાસલી રોડ, છોટાઉદેપુર.

મારૂ જુનુ નામ પટેલ વૈભવીબહેન ભીખાભાઇ હતુ બદલીને નવુ નામ પટેલ વૈભવીબેન મૌલીકકુમાર રાખેલ છે.
કોઠી ફળીયું, પાદરા, વડોદરા.

મારૂ જુનુ નામ પટેલ સુમેત્રાબેન ભુપેન્દ્રભાઇ હતુ બદલીને નવુ નામ પટેલ પુષ્પાબેન ભુપેન્દ્રભાઇ રાખેલ છે.
સાધી, પાદરા, વડોદરા.

પશ્ચિમ રેલવે-વડોદરા

નૅશનલ એકેડેમી ઑફ ઇન્ડિયા રેલવે, વડોદરા
એન્જિનિયરિંગ વિભાગ

ઈ-ટેન્ડર નોટિસ નમ્બર NAIR-SPCE-CAMPUS-2022-23-01; ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે સિનિયર પ્રોફેસર (સિવિલ એન્જી.) નેશનલ એકેડમી ઓફ ઈન્ડિયન રેલ્વે, લાલ બાગ, વડોદરા-390004; નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે.: **કામનું નામ અને ટેન્ડર નં.:** નેશનલ એકેડેમી ઓફ ઈન્ડિયન રેલવે, લાલબાગ, વડોદરાના કેમ્પસમાં ગાર્ડન, લોન અને આસપાસના ક્ષેત્રનું મેન્ટેનન્સ. 24 (ચોવીસ) મહિના માટે. **ટેન્ડર નં.-NAIR-SPCE-CAMPUS-2022-23-01, કામનો અંદાજીત ખર્ચ:** ₹ 46,79,444.19; **જમા કરાવવાની બિડ સિક્યોરિટી:** ₹ 93,600.00; **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર તા. **08.09.2022** ના રોજ 15:00 કલાક પહેલાં જમા કરાવવા અને તે એ જ દિવસે 15:30 કલાકે ખોલાશે. **વેબસાઈટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે:** વેબસાઈટ @ **www.ireps.gov.in;** નેશનલ એકેડેમી ઑફ ઇન્ડિયા રેલવે, વડોદરા, વડોદરા - 390 004. **094**

અમને લાઇક કરો: facebook.com/WesternRly

જોઈએ છે

શ્રી શિવ - શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ દાહોદ સંચાલિત શિવાજી આશ્રમશાળા, મુ.દ્રાભડા, તા. લીમખેડા, જિ.દાહોદ માટે નીચે જણાવ્યાં મુજબ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ભરતી કરવા માટે મદદનીશ કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ દાહોદમાં જા.નં. મક/આવી/આ.શા./NOC/૨૦૨૨-૨૩/૫૭૫૯ થી ૫૭૬૧ તા. ૦૫-૦૮-૨૦૨૨ થી નાં વાંધા પ્રમાણપત્ર મળેલ છે જે અન્વયે નીચે મુજબની ભરતી કરવાની થાય છે.

અ.નં.	જગ્યાનું નામ	રેસ્ટર ક્રમ	જાતિ બિન	લાયકાત	વિષય
૦૧.	શિક્ષણ-સહાયક	૦૧	બિન-અનામત	M.A./Bed. (TAT-2)	અંગ્રેજી
૦૨.	શિક્ષણ-સહાયક	૦૨	બિન-અનામત	M.A./Bed. (TAT-2)	ગુજરાતી

ઉપરોક્ત લાયકાત ધરાવતાં ઉમેદવારોએ જરૂરી પ્રમાણપત્રોની નકલો સાથે જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન પંદર - (૧૫) માં નીચેના સરનામે રજીસ્ટર પો. એ.ડી.થી અરજી કરવાની કરવાની રહેશે. અધુરી વિગતોવાળી તથા સમય મર્યાદા પછી આવેલ અરજીઓ અમાન્ય થશે. પગાર ધોરણ સરકારશ્રીના નિતી નિયમો મુજબ મળવાપાત્ર રહેશે. પસંદગી પામેલ ઉમેદવારે નિવાસી શાળા હોવાના કારણે નોકરીના સ્થળે ફરજીયાત પણે હાજર રહેવાનું રહેશે. ઉમેદવાર કોમ્પુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ લાયકાત ધરાવતાં હોવા જોઈએ.

અરજી મોકલાવાનું સરનામું :-
પ્રમુખશ્રી / મંત્રીશ્રી
શિવ - શક્તિ એજ્યુકેશન, ટ્રસ્ટ, દાહોદ
૧૭, ભાગ્યોદય નગર સોસાયટી, ગોવિંદનગર, દાહોદ

Chemcon Speciality Chemicals Limited
(An ISO 9001:2015 and ISO 14001:2015 Certified Company)
Regd. Office : Block Number 355, Manjusar Kunpad Road, Manjusar Village, Taluka Savli, Vadodara 391775, Gujarat.
Email : investor.relations@cscpl.com | Website : www.cscpl.com | Tel : +91 265 2981195 | CIN : L24231GJ1988PLC011652

EXTRACT OF THE STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2022

(Rs. in Lacs)

	Particulars	Quarter Ended			Year Ended
		30-06-2022	31-03-2022	30-06-2021	31-03-2022
		(Unaudited)	(Audited)	(Unaudited)	(Audited)
I	Total income from operations	9,209.32	9,184.34	5,914.73	26,633.49
II	Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	3,414.49	2,840.08	1,806.04	8,399.55
III	Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	3,414.49	2,840.08	1,806.04	8,399.55
IV	Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	2,545.77	2,128.84	1,341.26	6,275.66
V	Total Comprehensive Income for the period [comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	2,543.70	2,096.28	1,339.82	6,240.50
VI	Equity Share Capital	3,663.07	3,663.07	3,663.07	3,663.07
VII	Other Equity	-	-	-	38,055.15
VIII	Earning Per equity Share (FV ₹ 10/- Per share) basic & Diluted (in ₹)*	6.95	5.81	3.66	17.13

* EPS for the Quarter ended are not annualised.

Notes:
1. The Board of Directors at its meeting held on August 8, 2022, has approved payment of Interim dividend of Rs.4/- per share of face value of Rs. 10/- each (@40% of face value of share) for financial year 2022-23. The record date for the purpose of payment of dividend is Tuesday, August 23, 2022.
2. The above is an extract of the detailed format of Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Financial Results are available on the Company's website at www.cscpl.com and the Stock Exchange's Website at www.bseindia.com and www.nseindia.com.

By order of the Board
For Chemcon Speciality Chemicals Limited
Sd/-
Kamalkumar Rajendra Aggarwal
Chairman & Managing Director
DIN: 00139199

Place : Vadodara
Date : August 8, 2022

S. E. POWER LIMITED
CIN : L40106GJ2010PLC091880
Regd. Off: Survey No. 54/B, Pratapnagar, Jarod-Savli Road, Samlaya, Vadodara-391520 (Guj.)
Tel.: +91 2667 251566, E-mail: cs@sepower.in, Website: www.sepower.in

EXTRACT OF CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2022

(₹ in Lacs except EPS)

Particulars	Quarter Ended			Year Ended
	30.06.2022	31.03.2022	30.06.2021	31.03.2022
	(Unaudited)	(Audited)	(Unaudited)	(Audited)
Revenue from operations	1378.25	1248.50	1037.08	4803.85
Net Profit for the period (before Tax, Exceptional and/or Extraordinary Items)	(70.93)	(98.38)	(132.63)	(409.21)
Net Profit for the period before Tax (after Exceptional and/or Extraordinary Items)	(70.93)	(85.25)	(132.63)	(396.08)
Net Profit for the period after tax	(53.21)	(64.46)	(98.93)	(296.78)
Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	(53.21)	(64.46)	(98.93)	(296.78)
Paid up Equity Share Capital (Face value of Rs. 10/- per share)	4061.00	4061.00	4061.00	4061.00
Reserves excluding Revaluation Reserves (as per balance sheet of previous accounting Year)	—	—	—	(3289.85)
Earnings per Share (of Rs. 10 each) (not annualised) Basic & Diluted:	(0.13)	(0.16)	(0.14)	(0.73)

Notes:
1) The key standalone financial information of the Company is as under:

Particulars	Quarter Ended			Year Ended
	30.06.2022	31.03.2022	30.06.2021	31.03.2022
	(Unaudited)	(Audited)	(Unaudited)	(Audited)
Revenue from operations	1378.25	1248.50	1037.08	4803.85
Profit before tax	(70.54)	(84.39)	(132.28)	(394.25)
Profit after tax	(52.79)	(63.15)	(98.99)	(295.03)

2) The above is an extract of the detailed Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Financial Results (Consolidated/Standalone) are available on